R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 24 DATE: 14-06-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## અમેરિકાએ ભુલથી પોતાના જાસુસોની યાદી જાહેર કરી દીધી

અમેરિકા જેવા દેશ પણ કેવી મોટી અને ગંભીર ભુલો કરી શકે છે તેનો તાદશ નમુનો જોવા મળ્યો. વાઈટ હાઉસ ખાતેથી ૬ હજાર જર્નાલીસ્ટોને એક પ્રેસનોટ આપવામાં આવી તેની સાથે તેમના ઉચ્ચ કક્ષાના જાસુસોનું લીસ્ટ પણ પકડાવી દીધું.જેમણે આ લીસ્ટની આપ્યું તે સીઆઈએ ઓફીસરનું નામ પ્રેસ ટીપશીટ ઉપર હતું તેવું વાઈટ હાઉસ પુલ રીપોર્ટરે જણાવ્યું હતું.તેમણે આ રીપોર્ટને એટલી કે જાસુસોના લીસ્ટને ઈમેઈલ દ્વારા છ હજાર પત્રકારોને મોકલી દીધુ હતું. આ લીસ્ટમાં જેમના નામ હતા તે પૈકીના ૧૫ વ્યક્તિઓ સાથે અમેરિકાના પ્રમુખ ઓબામાની મીટીગ ફીક્સ હતી.જ્યારે પ્રમુખ બેગ્રામ એરફીલ્ડની મુલાકાતે જવાના હત્યા ત્યારે.આ એક યુએસ મીલીટરી બેઝ છે જે અફઘાનિસ્તાનમાં આવેલ છે.ભુલથી જે ટોપ જાસુસ તરીકે કાબુલમાં કાર્ય કરે છે તેમનું નામ પણ હતું અને તેમને ચીફ ઓફ સ્ટેશન તરીકે ઓળખવામાં આવ્યા હતા.

વોશીગ્ટન પોસ્ટ,વાઈટ હાઉસ બ્યુરો ચીફ સ્કોટ વીલ્સને જેમણે આ રીપોર્ટ આપ્યો હતો તેમની ઓળખ આપી હતી.તેમણે કહ્યું હતું કે તેમણે ફાઈલ કરેલ રીપોર્ટ ના આધારે કોપી કરીને આ લીસ્ટ વાઈટ હાઉસ પ્રેસ ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવ્યું હતું.આ ભુલની ખબર પડી કે તુરતમાં રીવાઈઝ લીસ્ટ અને તેમાંથી જાસુસોના નામોની બાદબાકી કરીને ફરીથી પેસને ઈમેઈલ મોકલવામા આવ્યો હતો.તેમજ વાઈટ હાઉસ ઓફીશ્યલે મીડીયાને આ લીસ્ટ નહી છાપવા માટે વિંનંતી કરવી પડી હતી.કારણકે આ લીસ્ટને છાપવામાં આવે તો જેમના આ લીસ્ટમાં નામો છે તેમને અને તેમના કુટુબીજનોને નુકશાન થાય તેમ છે.જો કે તે હજુ સુધી નક્કી નહોતું કે જેમના નામો જણાવાયા છે તેઓ હજુ અફઘાનિસ્તાનમાં છે કે કેમ. આ ઘટના બાદ એવું જણાયું છે કે ચોથા ચીફે તાજેતરના વર્ષોમાં તેમની ઓળખ છતી કરી દીધી છે. બે સીઆઈએ સ્ટેશન ચીફ,પાકીસ્તાનમાં હતા તેમને ૨૦૧૧ માં પાકિસ્તાની મીડીયાએ ઓળખ્યા હતા.બીજા એક સ્ટેશન ચીફને પાકિસ્તાનના રાજકીય પક્ષે ખુલ્લા પાડ્યા હતા.અમેરિકા ડ્રોનનો ઉપયોગ કરે છે તેના વિરોધમાં આ સ્ટેશન ચીફની ઓળખ છતી કરવામાં આવી હતી.

અમેરિકા, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સબંધો કંઈક વિચિત્ર લાગે છે.૯-૧૧ની અમેરીકા પર થયેલ આતંકી ઘટના બાદ,ઓસાબા બિન લાદેન ની હત્યા બાદ,કંઈક જુદુ જુદુ બની રહ્યું છે.આ બેઉ દેશો વચ્ચે જે કંઈ બની રહ્યું છે તે બાબતે કેમરુન મુન્ટર,યુએસ એમ્બેસેડર,પાકિસ્તાનમાં છે તેમણે જણાવ્યું હતુ કે આ એક ખરાબ લગ્ન જીવન જેવું છે. થોડીક વખત શાંતિ જળવાય અને પછીથી એકદમ ઘડાકો થાય સબંધો બગડે તેવું. છે તેમણે એનબીસી ન્યુઝને જણાવ્યું હતુ કે હું માનું છું કે આ બધુ થોડુ મુશ્કેલ લાગે છે. પરંતુ. જેમ ખરાબ લગ્ન જીવનમાં ચઢાવ ઉતાર આવે છે પરંતુ લગ્ન જીવન ચાલે છે તેમ આ થવાનું લાગે છે.

## ફુટબોલ વર્લ્ડકપ સમગ્ર વિશ્વ ૨૦મા ફુટબોલ કપ ઉદઘાટનમાં જોડાયુ

રમતના ચાહકો જે દિવસની રાહ જોતા હતા તે ફિફા ફુટબોલ વિશ્વકપનો પ્રારંભ બ્રાઝિલના સાઉ પાઉલો ખાતે થયો હતો.સ્ટેડીયમમાં ઉપસ્થિત ૬૦ હજાર જેટલા ચાહકોએ રંગારંગ કાર્યક્રમને નિહાળ્યો હતો.બ્રાઝિલની આર્થિક રાજધાની ગણાતાં શહેર સાઉ પાઉલો ખાતે વિશ્વ વર્લ્ડ ફુટબોલ કપના આયોજનથી જશ્નનો માહોલ જોવા મળ્યો હતો.વિશ્વના અંદાજીત એક અબજ લોકોએ આ રંગારંગનો કાર્યક્રમને ટીવી પર નિહાળ્યો હતો.

ફિફા વર્લ્ડ કપ માટે તૈયાર કરવામાં આવેલું ગીત વી આર વન ઓલે ઓલા સોંગ પર અમેરિકન સિંગર પીટબુલ,જેનિફર લોપેજ,અને બ્રાઝિલની સિંગર કલાઉડીયા લિટ્ટેને પર્ફોમન્સ આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિફા વર્લ્ડ કપ ૨૦૧૪ના આરંભે તેની પોસ્ટેજ સ્ટેમ્પનુ અનાવરણ કર્યું હતું.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતુ કે ખેલકુદ વિશ્વના દેશો વચ્ચે મિત્રાચારી અને સૌહાર્દના સબંધો વિકસાવે છે. આ વર્લ્ડ કપ વિશ્વના દેશો વચ્ચે સેતુનું કામ કરશે.

## નર્મદા ડેમની ઊંચાઇને મોદી સરકારની મંજુરી

ગુજરાતની છ કરોડની પ્રજા માટે દિલ્હીમાં કેન્દ્ર સરકારમાં પરિવર્તન સાથે નર્મદા બંધની ઉંચાઈને મંજુરી મળી ગઈ છે.સત્તા પર બેઠાના ૧૯ દિવસો બાદ ગુજરાતની જીવાદોરી સમી ગણાતી નર્મદા યોજનાના ડેમની ઉંચાઈ વધારવાનો નિર્ણય કરીને મોદી સરકારે મંજુરીની મહોર મારી છે.નર્મદા કંન્ટ્રોલ ઓથોરીટીએ ડેમ ઉપર ૧૭ મીટર ઊંચા દરવાજા એ તેના માટેનું સ્ટ્રકચર ઊભુ કરવાની મંજુરી આપી ન હતી.પરંતુ એનસીએની મળેલ બેઠકમાં ડેમની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવાની મંજુરી આપી દીધી છે.એનસીએની મંજુરી મળતાંજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ કેવડીયા કોલોની પહોચી ગયા હતા.અને ૧૭ મીટર ઉંચા ગેટ મુકવા માટે જરુરી સ્ટ્રકચરના કામનો પ્રારંભ કરાવ્યો હતો.

નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ નર્મદા ડેમની ઉંચાઈ વધારવા મંજુરી આપી છે. આટલા બધા સમયથી આ યોજનાને કોઈને કોઈ કારણોસર રોકી રાખવામાં આવી હતી.રાજકીય કારણોસર વિલંબ થયો હોવાનુ મનાય છે.કેન્દ્રમાં સત્તાસ્થાને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે બિરાજ્યા હોવાથી તેમણે આ મુદ્દાને સૌથી વધુ અગત્યતા આપી છે.ગત સપ્તાહે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વડાપ્રધાનની શુભેચ્છા મુલાકાત લીધી હતી ત્યારે નર્મદા ડેમની ઉંચાઈ વધારવા માટે રજુઆત કરી હતી.હવે ગુજરાતમાં નર્મદા યોજનાને સાકાર કરવા અને ખેડુતોને સૌથી વધુ લાભ મળી શકે માટે નહેરો બનાવવાના કાર્યને વધુ વેગવતું બનાવવું પડશે.

ગુજરાતના વિકાસને વધુ ઝડપી બનાવવો હોય તો નર્મદા યોજનાને ઝડપથી બહાલ કરવી પડશે અને તેને છેડા સુધી પહોચાડવી પડશે અને તેમાટે સરકારી મશીનરીને પુર જોશથી કામે લગાડવી પડશે.



## રીયો ડી જાનેરીયો, બ્રાઝિલમાં ઇવેન્જલીકલ માર્ચ ફોર જીસસ

અડધા મિલિયનથી વધુ ખ્રિસ્તી લોકો રીયો ડી જાનેરીયો,બ્રાઝિલમાં માર્ચ ફોર જીસસમાં જોડાયા હતી.માર્ચમાં સુત્ર મુકવામાં આવ્યું હતુ કે આઈ બીલોન્ગ ટુ જીસસ.આઈ એમ એ ચેમ્પીયન. ૨૦૧૪ના ફીફા વર્લ્ડ ફુટબોલ કપ જે બ્રાઝિલ હોસ્ટ કરી રહ્યું છે તેને માન આપવાના હેતુ સર આ માર્ચ યોજવામા આવી હતી.માર્ચમાં જોડાયેલ લોકોના ટી શર્ટ ઉપર નેશનલ ટીમ યુનીફોર્મનો કલર તેમજ બ્રાઝીલના ફ્લેગ દોરવામાં આવ્યા હતા.

અમો અહીં એટલા માટે એકઠા મળ્યા છીએ કે અમો અમારો વિશ્વાસ પ્રદર્શિત કરી શકીએ અને ઈવેન્જલીકલોની મજબુતાઈ પ્રગટ કરી શકીએ. તેવું જાર્ડસન કેરીઓકા,૩૦ વર્ષીય ડ્રાઈવર જે આ માર્ચમાં જોડાયેલ હતો તેણે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા પ્રમાણે, હજારો લોકો માર્ચ ફોર જીસસમાં જોડાયા હતા.આ માર્ચનો હેતુ ઈવેન્જલીકલ લોકોની દેશમાં વસ્તીનો એક ભાગ છે.દરેક વર્ષે આ રીતે માર્ચ યોજવ ામાં આવે છે અને તેમા એકથી બે મીલીયન લોકો ભાગ લે છે.જો કે બ્રાઝિલમાં વધુ સંખ્યામાં કેથોલીક પણ છે.જો કે ૨૦૧૩ના વસ્તી ગણત્રીના આંકડાઓ મુજબ કેથોલીકોની વસ્તીમાં ઘટાડો થયો છે ૨૦૧૦માં તેઓની વસ્તી ૧૨૫ મીલીયન હતી જે ૧૨૩ મીલીયન પર આવી ગઈ છે.આ સમય દરમિયાન પેન્ટીકોસ્ટલની સંખ્યા વધી ગઈ છે.તેઓની વસ્તી ૨૬ મીલીયન હતી તે વધીને ૪૨ મીલીયન પર પહોચી ગઈ છે.ઈવેન્જલીકલ ડીનોમીનેશન્સ પણ ઝડપથી બ્રાઝિલમાં પ્રગતિ કરી રહ્યા છે.અને તેઓ કોમ્યુનીકેશ, ટેલીવીઝન,રેડીયો અને સોશ્યલ મીડીયા દ્વાર તેમજ ચર્ચ દ્વારા તેમની વસ્તીમાં વધારો કરી રહ્યા છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

નર્મદા બંધની ઉંચાઈ ૧૧૦ મીટરની થઈ ત્યારે બંધમાંથી જે પાણીનો પ્રવાહ વહે છે તેમાં કોઈ ફર્ક હવે બંધની ઉંચાઈ વધવાથી પડવાનો નથી.પીવાના પાણીમાં કે ખેતીના પાણીમાં કોઈ ફરક પડવાનો નથી.સરદાર સરોવર ડેમની ઉપર ૧૭ મીટરના ૩૦ દરવાજા લાગશે તેનાથી માત્ર ડેમના પાવર સ્ટેશનમાંથી વધુ વિજળી પેદા થશે તેમાંથી કુલ ઉત્પન થનાર વીજળીમાં ગુજરાતનો હિસ્સો માત્ર ૧૬ ટકા જ છે.બાકી વિજળીનો ૫૭ ટકા મધ્યપ્રદેશ અને ૨૭ ટકા મહારાષ્ટ્રને ફાળે જશે.હા ગુજરાત માત્ર આ અંગે પોતે જશ લઈ શકશે કે તેમણે દરવાજા લગાડવાની જાહેરાત કરી હતી.સમગ્ર યોજના માટે નિર્ધારીત પુનઃવસનની કામગીરી પુરી થયા પછી જ આ દરવાજાનો લાભ મળી શકશે.દરવાજા બંધ કરવાની છુટ નહી મળે ત્યા સુંધી દરવાજાઓ ખુલ્લા રહેશે.નર્મદા યોજના પુરી કરવી એ જરુરી છે. દેશની આ મોટામાં મોટી યોજના છે.સમયસર આ યોજના પુરી થઈ હોત તો ગુજરાતનો ખુબજ મોટો ફાયદો મળી શક્યો હોત.

## મંતવ્ય

૧૯૮૦માં ખાલીસ્તાનના ઉગ્રવાદીઓ સામે જીતવા માટે જે હત્યાઓનો થઈ ત્યારે લોકોનું માનવું હતું કે હિંસા સામે હિંસા એ સમગ્ર બાબતને યુ ટર્ન આપશે.પરંતુ તે વખતના વડાપ્રધાન સ્વ શ્રીમતી ઈન્દીરા ગાંધીએ અમૃતસરમાં લશ્કર મોકલીને ઉગ્રવાદીઓનો સફાયો બોલાવી દીધો અને તેમને એ કારણો સર ઉગ્રવાદી વિચારધારમાં માનનારા એક તેમના જ અંગરક્ષકે હત્યા કરી.ત્યારબાદ પંજાબમાં અનેક પરિવર્તનો આવ્યા.અકાલીઓની સરકાર આવી, શાંતિ સ્થપાઈ.પરિસ્થિતિ એવી લાગવા માંડી કે ભુતકાળમાં જે બન્યું તે ભુલાઈ ગયું છે અને બધુ શાંત રીતે ચાલી રહ્યું છે. પરંતુ તાજેતરમાં ગોલ્ડન ટેમ્પલ ખાતે બનેલી ઘટનાઓથી દેશભરમાં ચિંતા થવા લાગી છે. ફરીથી ખાલિસ્તાનના નારાઓ મંદિરમાંથી ઉઠ્યા અને તલવારો ઉઠી.ખુન વહ્યું. દેશની એકતા અને અખંડિતતા સામે એક વાર ખતરો ઉભો થતો જણાયો.ભારતીય જનતા પાર્ટી માટે એક નવો પડકાર છે. તેને અત્યારથી તેમણે ઉગતો દાવી દેવો પડશે.નહિતર તેમના માટે ખુબજ વેઠવાનો વારો આવશે.આ બાબતે વેળાસર જાગીને આ ઉઠેલી જ્વાળાઓને શાંત કરી દેવી પડશે. નહીતર એ આખા દેશને દઝાડશે. જેઓ આ દેશના ભાગલા પાડવા મથે છે તેવા પરિબળોને સાથ નહિ આપવાનો અને તેમને જાહેરમાં ખુલ્લા પાડવાનો ક્રમ રાખવો પડશે. મહેશ પી.પરમાર


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ગેરકાયદેસર લાલ લાઇટ અને સાયરન લગાવી રુઆબ જમાવતા લોકો સામે હાઇકોર્ટે આંખ લાલ કરી

દરેક રાજકારણીનું એક સ્વપ્ન હોય છે કે એકવાર લાલ લાઈટવાળી ગાડી મળી જાય તો જીંદગીનો ફેરો વસુલ ! એમાંય જો લાલ લાઈટવાળી ગાડી ખરેખર હાથમાં આવી ગઈ તો પછી પુછવું જ શું ! જેટલો વટ પડે એટલો પાડી લો,ફરી પાછો આવો મોકો મળે પણ ખરો અને ન પણ મળે. દેશના ઉચ્ચ અધિકારીઓ પણ આવા મોહમાંથી બાકાત નથી.રવિવારે ફરવા નીકળ્યા હોય તો પણ આ મહાનુભાવો લાલ લાઈટ ફરતી રાખે છે અને સાયરન સતત ચાલુ રાખે છે.ઉત્તર પ્રદેશના એક નાગરિકે લાલ લાઈટ અને સાયરનનો બેફામ રીતે દુરપયોગ થાય છે એવી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી.આ અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના જસ્ટીસ જી.એસ.સંઘવી અને જસ્ટીસ વી. ગોપાલ ગોવડાની બેંચે કેન્દ્ર સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે લાલ બત્તી અને સાયરનના દુરપયોગ માટે યોગ્ય પગલાં જરુરી છે.સરકારે જે નિયમો અમલમાં છે તેની ઝેરોક્ષ કોપી રજુ કરી હતી.પરંતુ તેથી નિયમોના પાલનની ખાત્રી મળતી નથી.સીનબાજ લોકોની માનસિકતા બદલવાની છે. માનસિકતા કાયદાથી નથી બદલાતી પણ અનુકરણીય કાર્યો અને યોગ્ય વર્તનથી બદલાય છે.લોકો રોડ પરજતાં હોય અને લાલ લાઈટ કે સાયરન વાળી ગાડી આવે તો ભડકે છે અને ડરથી ફટાફટ પોતાનું વાહન સાઈડમાં લઈ લે છે.ટ્રાફિક પોલીસ પણ લાલ લાઈટવાળી ગાડી જોઈ નથી કે બીજા વાહનોને રોકી દે છે અને તેને ફટાફટ જગ્યા કરી આપે છે.હવે તો ચાઈનીઝ બનાવટની એવી લાઈટ્સ બજારમાં મળવા લાગી છે કે ગમે તે માણસ તે લાઈટ ચોંટાડીને નીકળી શકે.

જે લોકો લાલ લાઈટ કે સાયરન ચાલુ રાખીને નીકળે છે એને કોઈ પુછતું નથી કે તેને ખરેખર એની જરુર છે.કેટલાક લોકો જેમાં પોલીસ અધિકારીઓના સંતાનો, રાજકારણીઓ વિગેરે આ વ્યવસ્થાનો દુરપયોગ કરે છે.લોકોની માનસિકતા એવી છે કે તેઓ હજુ પણ લાલ લાઈટવાળી ગાડી જોઈને ઈમ્પ્રેસ થાય છે.આજ કાલ બાવા-સાધુઓ પણ લાઈટવાળી અને સાયરન વાળી ગાડીઓ વાપરતા થઈ ગયા છે.સુપ્રીમ કોર્ટની ચિંતા વ્યાજબી છે.રેડલાઈટ, સાયરન અને કોન્વોયને કારણે સામાન્ય લોકોને તકલીફ પડે છે.રાજકારણીઓ કે કોઈ મોટું માથું નીકળતું હોય તો રસ્તા બંધ કરી દેવાય છે.દુનિયામાં એવા દેશો છે જ્યાં ઈમરજન્સી હોય તો જ લાઈટ્સનો ઉપયોગ થાય છે.એમ્બુલન્સની લાઈટ અને સાયરન પણ જરુર હોય ત્યારે જ ચાલુ રાખો, દર્દીને ધીમે ધીમે અને આરામથી પહોચાડવાનો હોય ત્યારે ભાગાભાગી કરવાની જરુર નથી.સરકારે ખરેખર તો એ તપાસતા રહેવાની જરુર છે કે લાલ અને બીજી લાઈટસ તથા સાઈરનનો વાજવી ઉપયોગ થાય છે કે કેમ ?દરેક વખતે ઈમરજન્સી હોતી નથી.તેથી લાઈટ અને સાયરનનું મહત્વ જળવાય એ માટે જ તેનો ઉપયોગ થાય તે જરુરી છે.

તાજેતરમાં ઉપરોક્ત બાબતે સુપ્રીમ કોર્ટે પણ હુકમ કર્યો હોવા છતાં તેનો અમલ થતો નથી તેવો હાઈકોર્ટમાં પડકાર ફેકાતા હાઈકોર્ટે ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં સરકારી અધિકારીઓ લાલ લાઈટ વિગેરેનો ઉપયોગ ચાલુ રાખ્યો છે તેની સામે પગલાં ભરવા અરજી કરાઈ હતી. તેના અનુસંધાનમાં હાઈકોર્ટે આંખ લાલ કરીને સત્તાવાળાઓને આ બાબતે ઘટતું કરીને રીપોર્ટ જારી કરવા ફરમાન કર્યું હતું.

# આધારનો આધાર જ પડી ભાગ્યો

આધાર યોજના લોન્ચ થઈ ત્યારે કહેવાયું હતું કે આ એક નંબર હશે તો નાગરિક અનેક કડાકુટમાંથી બચી જશે.તે રેશનકાર્ડ,બેન્ક એકાઉન્ટ, પાનકાર્ડ,પેન્સન,ઈન્સ્યોરન્સ,પાસપોર્ટ મેળવવામાં ઉપયોગી થશે.પણ ૨૦૧૧માં પી.ચિંદબરમ ગૃહપ્રધાન હતા ત્યારે આધાર યોજના ભારતની સલામતી સામે ખતરો પેદા કરી શકે છે તેમ કહીને વાંધો ઉઠાવ્યો.વાંધો વ્યાજબી હશે તો પણ તેનો ઉકેલ લાવવામાં ખાસ્સો સમય લાગડી દીથો અને તે દરમિયાના રજીસ્ટ્રેશનનું કામ ઠપ થઈ ગયું.વળી પાછી યોજનાને બહાલી આપી.અગાઉ કહેવામાં આવ્યું હતું કે પાસપોર્ટ મેળવવામાં આધાર કાર્ડ વેલિડ દસ્તાવેજ ગણાશે. પરંતુ પાછુ જાહેર કરવામાં આવ્યું કે તે વેલિડ દસ્તાવેજ નથી.છેલ્લા થોડાક સમયથી પાછુ આધાર કાર્ડને પાસપોર્ટ માટે સ્વીકારવામાં આવે છે.

યોજનામાં કેટલીક પ્રાથમિક ખામીઓ છે.કોર્ટે આપેલ ચુકાદામાં જણાવાયું છે કે આધાર કાર્ડને દેશની નાગરિકતાનું પ્રમાણપત્ર ગણવું નહી.ગેસ,કે ટેલીફોન કનેકશન વગેરે માટે આધાર કાર્ડને અનિવાર્ય બનાવવું નહીં.તે મેળવવું કે નહી તે નાગરિકની ઈચ્છા પર છોડવું.જેમની પાસે કાર્ડ ન હોય તેમને પણ સરકારી રાહતો જરુર આપવી.સુપ્રીમ કોર્ટે આધાર નંબરને સ્વેચ્છીક ગણાવ્યો પણ ઘણી રાજ્ય સરકારોએ યોજનાને આધારે પોતપોતાના નિયમો ઘડ્યા છે.મહારાષ્ટ્ર અને દિલ્હી રાજ્ય સરકારે લગ્નની નોધણી અને પગાર મેળવવા માટે આધારમાં નોંધણી ફરજીયાત બનાવી છે.વળી આધાર બંધ કરીએ તો બીજી કઈ યોજના શરુ કરી શકાય ?વળી આધાર યોજનામાં આજે પણ એટલો ખર્ચ થઈ ચુક્યો છે કે અરધે રસ્તેથી પાછા વળવાનું શક્ય નથી.તેમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાએ અસમંજસ વધારી દીધી છે.કોર્ટ મહત્વની બાબતનું નિરીક્ષણ કરવાનું ચુકી ગઈ છે.આધાર નંબર ન ધરાવતા લોકોને રાહતોથી વંચિત ન રાખવા, પણ તેમની ઓળખ કેવી રીતે થશે.આધાર નંબર હશે તો તેઓને સહેલાઈથી અને કાયમ માટે રાહતો મળશે.કેટલીક દલીલો એવી છે કે સરકાર નાગરિકોની વિગતો એકઠી કરીને નાગરિકો વિરુધ્ધ જ તેનો દુરપયોગ કરશે.તમામ વિકસિત દેશોમાં નાગરિકોને એમની વિગતોને આધારે ઓળખપત્રો અપાયા છે.તેથી નાગરિકો પરઆભ તુટી પડ્યું નથી.સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી ઘણા બોધ્ધિકો નારાજ છે.કારણકે લોકો પાસે આધાર નંબર હોવો જોઈએ કે નહી તે પોલીસીને લગતો વિષય છે.અદાલતે તેમાં માથુ ન મારવું જોઈએ.જેમણે આધાર કાર્ડ માટેની યોજના કાર્યવંત કરી હતી તે નિલેકણી બેગલોરમાંથી લોકસભાની ચુંટણી લડ્યા અને કોગ્રેસના ઉમેદવાર હોવાને કારણે તેમને મોદી આંધી નડી અને તેઓ તણાઈ ગયા.એજ પ્રમાણે તેમની આધાર યોજના પણ તણાઈ ગઈ છે. હવે તેને કોઈપણ જગ્યાએ માન્યતા મળશે કે કેમ એ સવાલ છે.

કોઈપણ સરકાર પ્રજાના હિત માટે કોઈપણ પ્રકારની યોજના ઘડે તો તેને બધી જ સરકારોએ અમલમાં રાખવી જોઈએ જેથી પ્રજાને તેનાથી લાભ મળે અને કોઈ નુકશાન ન જાય.આધાર કાર્ડ મેળવવા માટે લાખો લોકો પોતાનો કામધંધો મુકીને લાઈનોમાં ઉભા રહીને પરસેવો પાડીને આધાર કાર્ડ લેવા માટે પરિશ્રમ કર્યો હતો. એમાંથી ઘણાબધા લોકોને આધાર કાર્ડ મળ્યા નાથી.આધાર કાર્ડ વહેચવાની જફામાંથી છુટવા માટે પોસ્ટ ખાતાના ટપાલ વહેચણી કરનારા કેટલાક લોકોએ આધાર કાર્ડનો કચરા ટોપલીમાં ફેકી દીધી હોવાની ફરિયાદો ઉભી થઈ હતી.જેથી ઈસ્યુ થયા હોવા છતાં લોકોને આધાર કાર્ડ પહોચ્યા નહોતા.હવે જેઓએ આધાર કાર્ડ માટે પહેલાથી લાઈનમાં ઉભા રહેવાનું મુનાસિબ માન્યુ નહોતુ તેઓને હવે કોર્ટે આધારની માન્યતા ગણવાનો ઈન્કાર કરવાથી તેઓ હવે આ કાર્ડ માટે જવાના નથી. જેથી કરોડો રુપીયાનું આંધણ કર્યા પછી સરકારની આ યોજના ખાડે ગઈ એમ કહી શકાય.કરોડો રુપીયાનું પાણી થઈ જાય અને તેનો કોઈ પ્રજા માટે સદઉપયોગ થઈ ના શકે તેવી યોજનાઓની સરકારે બાદબાકી કરી નાંખવી જોઈએ જેથી લોકો જેઓ તેમના ભલા માટે સરકાર પાસેથી ઈચ્છા રાખે છે તેમની થોડી ઘણી ઈચ્છા સફળ થાય.નવી સરકાર હવે નાગરિકતા માટે કોઈ નવી યોજના ના લાવે તે જરુરી છે.

# સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન શું છે ?

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન(સી.બી.આઈ) ફોજદારી યાને કે વિવિધ પ્રકારના ગુનાઓને લગતી અને રાષ્ટ્રની સુરક્ષા સબંધી બાબતો અંગે જાંચ કરનારી ભારત સરકાર હસ્તકની મુખ્ય સંસ્થા છે.તા.૧ એપ્રિલ,૧૯૬૩ના રોજ રચાયેલ આ સંસ્થાનો મુદ્રાલેખ છે ઈન્ડસ્ટ્રી, ઈમ્પાર્શિયાલીટી એન્ડ ઈન્ટીગ્રીટી યાનો કે પરિશ્રમ, નિષ્પક્ષપાતીપણું અને ન્યાયનિષ્ઠા.

બીજા વિશ્વયુધ્ધ સમયે અનો પુરવઠા ખાતામાં થતા ભ્રષ્ટાચારની તપાસ માટે ૧૯૪૧માં તે સમયની કેન્દ્ર સરકારે સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લીશમેન્ટ(એસપીઈ)ની રચના કરી ત્યાર પછી સરકારી કર્મચારીઓ દ્વારા થતાં ભ્રષ્ટાચાર માટે ધી દિલ્હી સ્પેશીયલ પોલીસ એસ્ટાબ્લીસમેન્ટ એકટ,૧૯૪૬ કાયદો ઘડીને આ મેહમકને ગૃહ ખાતાના નિયંત્રણ હેઠળ મુકીને સરકારના તમામ ખાતાઓને આવરી લેવાયા.ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ ખાતાના પ્રધાનના નિયંત્રણ હેઠળ સીબીઆઈ કામ કરે છે.આ પ્રધાને સીબીઆઈની કામગીરી અંગેના અહેવાલો વડાપ્રધાનને સીધેસીધા જ આપવાના હોય છે. સીબીઆઈનું મુખ્ય મથક દિલ્હીમા છે. તેની હકુમતનો વિસ્તાર ભારતના તમામ કેન્દ્ર શાશિત પ્રદેશો અને જેતે રાજ્ય સરકારની સંમતિથી તે હકુમત રાજ્ય સરકારો સુધી પણ વિસ્તારી શકાય છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન (ઈન્ટરપોલ)આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસનું કામ કરે છે.તેના ભારત માટેના અધિકૃત એકમ તરીકે પણ સીબીઆઈ કાર્યરત છે.ભારતના બંધારણ હેઠળ સીબીઆઈની કામગીરી કેન્દ્રનો વિષય ગણાય આથી પોતાનો અહેવાલ કોઈ રાજ્યોને નહી આપતાં ભારત સરકારને આપે છે.

સીબીઆઈની કામગીરી જોઈઓ તો ઉચ્ચ કક્ષાએ રુશવતખોરી,ગંભીર પ્રકાની ઠગાઈ, ખાસ કરીને નાણાંકીય છેતરપીંડી અને ઉચાપત, સમાજ વિરુધ્ધના ગુના જેમાં ખાસ કરીને આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહાખોરી, કાળાબજાર અને નફાખોરીની બાબતોનો સમાવેશ થાય છે.અને આ સંસ્થા સમગ્ર ભારત અને આતરરાષ્ટ્રીય વિભાગોમાં વહેચાયેલ છે. જે માટે સીબીઆઈને ડીએસપીઈ એકટ ૧૯૪૬ અધિનિયમ હેઠળ કાનુની સત્તા પ્રાપ્ત થયેલ છે. ગુનાની તપાસ માટેના આ સીબીઆઈ ખાતા ઉપર દેખરેખ રાખવા લાંચ રુશ્વત નિવારક કાયદાની બાબતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) કેન્દ્રીય તકેદારી પંચ અને અન્ય બાબતોમાં કેન્દ્ર સરકારનું ડીપાર્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ ખાતું દેખરેખ રાખે છે.

વિવિધ પ્રકારના ગુનાઓની જાંચ કરનાર સંસ્થા તરીકે સીબીઆનિ નામના થઈ છે. તેમાં ગુનાઓની તપાસ કરવા માટે ત્રણ મુખ્ય વિભાગો છે. ૧. એન્ટ્રી કરપ્શન ડીવીઝન -લાંચ રુશ્વત વિરોધી વિભાગ, કેન્દ્ર સરકાર, કેન્દ્રીય જાહેર સાહસો અને કેન્દ્રીય નાણાંકીય સંસ્થાઓનો જાહેર નોકરોએ આચરેલ લાંચ રુશ્વત અને કૌભાંડોના કેસો માટે (૨) ઈકોનોમીક ક્રાઈમ્સ વિભાગ- આર્થિક ગુનાઓનો વિભાગ- આ વિભાગની કામગીરીમાં બેંકો તેમજ અન્ય નાણાંકીય કૌભાંડો, આયાત નિકાસ, અને વિદેશી હુંડિયામણના નિયમોનું ઉલ્લંઘન, વિદેશી નશીલા પદાર્થો, કેફી દ્રવ્યો, પ્રાચીન કલાકૃતિઓ, સાંસ્કૃતિક સંપત્તિની મોટેપાયે દાણચોરી અને અન્ય પ્રતિષ્ઠિત ચીજવસ્તુઓની દાણચોરીના કેસો હાથ ધરવામાં આવે છે.(૩)સ્પેશીયલ ક્રાઈમ્સ ડીવીઝન. ખાસ પ્રકારના ગુનાઓનો વિભાગ, ત્રાસ ગુજારનારાઓ,બોમ્બ ફોડનારાઓ,અરેરાટી પેદા કરતી માનવ હત્યાઓ, ધનસંપત્તિ મેળવવા અપહરણ કરનારાઓ સામેના કેસો, માફિયાઓ તેમજ અંડરવલ્ડ(સ્વમાન રહિત વ્યક્તિઓનું જગત)ના લોકોએ કરેલા ગુનાઓના કેસો અંગેનો વિભાગ.

સીબીઆઈ જે ગુનાઓની તપાસ કરી શકે તેની યાદી એસપીઈ એકટ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે જાહેર કરેલ હોય છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ હુકમ કરે તે તમામ કેસોના ગુનાની તપાસ કરવાનું સીબીઆઈ માટે બંધનકર્તા છે.અને તે માટે કેન્દ્ર સરકારની કોઈ પ્રકારની સંમતિ જરુરી નથી. અત્રે તેની પણ નોંધ લેવી ઘટે કે નવેમ્બર,૨૦૦૮ના સમગ્ર વિશ્વમાં મુંબઈ હુમલા પછી ત્રાસવાદી પ્રવૃત્તિઓને લગતા ગુનાની બાબતમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી ,એનઆઈએ ની રચના કરવામા ંઆવી છે. જાહેર કરવામાં આવેલ અમુક ગુનાઓ અંગે જ સીબીઆઈ આપમેળે સ્વયંપ્રેરીત તપાસ(સુઓ મોટો) જ કરી શકે.ભારત દેશના કોઈપણ રાજ્યની સરહદના વિસ્તારમાં તપાસ કરવા માટે જે તે રાજ્યની પુર્વ સંમતિ લેવી જરુરી છે.કેન્દ્ર સરકાર મંજુરી આપ, પરંતુ જે તે રાજ્ય સરકારની મંજુરી હોય તો જ સીબીઆઈ તપાસ કરી શકે. નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટ કોઈપણ રાજ્યની મંજુરી વગર સીબીઆઈને તપાસ કરવાનો આદેશ કરી શકે છે.

આપણા દેશના લગભગ દરેક રાજધાની(પાટનાગર)માં સીબીઆઈની શાખા છે અનો ફરિયાદી લાંચ રુશ્વત વિરોધી શાખાનો સંપર્ક કરી શકે.કેન્દ્ર સરકાર સંમત થાય તો સીબીઆઈ રાજ્યની પોલીસે નોંધેલ ગુનાની તપાસ પોના હસ્તક લઈ શકે છે.જો કે તેવી સંમતિ આપતાં પહેલા કેન્દ્ર સરકાર સીબીઆઈનો અભિપ્રાય મેળવે છે.સીબીઆની કચેરીમાં બાતમી આપવા માટે રુબરુ જવું જરુરી નથી.ટપાલથી, ફોનથી કે અન્ય રીતે બાતમી આપી શકાય છે.પોતાનું નામ નહી આપવાની શરતે પણ બાતમી આપી શકાય છે.અને સીબીઆઈ તેનુંપાલન કરવા કાળજી રાખી તપાસ કરે છે.પરંતુ બાતમી આપનારની માહીતીની ખરાઈ કર્યા પછી જ ગુનો નોંધવામાં આવે છે અને બાતમી આપનારના નામની નોધ કોઈ રેકોર્ડમાં થતી નથી.તેમજ ઉપલા અધિકારી હોય કે કોઈ કોર્ટ હોય બાતમીદારનું નામ જણાવવામાં આવતુ નથી.

કોઈ આરોપીનો પકડવા સીબીઆઈએ ઈનામ જાહેર કરેલ હોય તે સિવાયના કિસ્સામાં ગુના અંગની માહિતી આપનારને સીબીઆઈ તરફથી કોઈ એવોર્ડ બદલો આપવામાં આવતો નથી.પોતાના ખાતાના માણસો ઉપર પણ સીબીઆઈ નજર રાખે છે.તે બાબત તેમના ખાતાના માણસો વિરુધ્ધ પણ લાંચ રુશ્વતના ગુના માટે કેસો કરેલ છે તે ઉપરથી જણાઈ આવે છે.સીબીઆઈની તપાસમાં ગુનો અંગે વિજ્ઞાન અને ટેકનોલોજી પર ભાર મુકવામાં આવે છે. ફોરેન્સિક સાયન્સના (ન્યાય સહાયક વિજ્ઞાન) રીપોર્ટ,નિષ્ણાતો,તજજ્ઞોના અભિપ્રાય મેળવવામાં આવે છે. વિદેશમાં પણ તપાસ કરવાની હોય ત્યારે સીબીઆઈ ના કાબુ બહારના સંજોગો હોઈ શકે છે. પુરાવો એકઠો કરવા જે તે દેશને પત્ર લખવામાં આવે છે અને જે તે દેશની લો એન્ફોર્સમેન્ટ એજન્સીને પુરાવો એકઠા કરવાની વિનંતી કરવામાં આવે છે. સીબીઆઈની કામગીરી પર નજર રાખવા તેના ખાતામાં જ ઘણા સ્તરનું સુપરવિઝન હોય છે.આ રીતે પુરાવાની ઝીણવટભરી રીતે ચકાસણી કરવામાં આવે છે.આથી સીબીઆઈ તપાસમાં વિલંબ પણ થતો હોય છે.જો કે ટ્રેપ કેસો એટલે કે છટકું ગોઠવી ગુનેગારને નશ્યત કરવા જેવા કેસોની તપાસ સામાન્ય રીતે વધુમાં વધુ ત્રણ મહિનામાં પુરી થતી હોય છે.પરંતુ કોઈપણ સંજોગોમાં ટ્રેપ કેસની તપાસ એક વર્ષમાં પરી થઈજવી જોઈએ એવો આગ્રહ રાખવામાં આવે છે.

ગુનાની તપાસ ઉપરાંત સીબીઆઈને ભારતના આંતરરાષ્ટ્રીય પોલીસ(ઈન્ટરપોલ) તરીકે માન્યતા આપવામાં આવી છે.ઉત્તરપ્રદેશના ગઝીયાબાદ શહેરમાં આથી તાલીમ કેન્દ્ર પણ સ્થાપવામા આવેલ છે.જ્યાં જુદા જુદા વિષયોના અભ્યાસક્રમની તાલીમ આપવાની વ્યવસ્થા છે.આ તાલીમ કેવળ સીબીઆઈના અધીકારીઓ પુરતી સીમીત નહીં રાખતા અન્ય દેશોના અધિકારીઓને પણ તાલીમ માટે પ્રવેશ મળે છે.અને તે ઉપરાંત રાજય અને કેન્દ્ર શાશિત પ્રદેશોના પોલીસતંત્રના અધીકારીઓ, જાહેર સાહસો તેમજ બેકોના તકેદારી અધિકારીઓને તાલીમ આપવાની વ્યવસ્થા પણ છે.

ઈન્ટરનેશનલ પોલીસ ક્રિમિનલ ઓર્ગેનાઈઝેશન -આંતર રાષ્ટ્રીય પોલીસ ફોજદારી સંગઠન (આઈસીપીઓ કે ઈન્ટરપોલ) જુદા જુદા દેશોમાના કાયદાનો અમલ કરાવનાર લો એન્ફોસીંગ એજન્સીઓ વચ્ચેનો સહકાર મજબુત કરનાર અગત્યની સંસ્થા તરીકે ઉપસી આવેલ છે.ભારતની ઈન્ટરપોલ તરીકે આવા સહકાર માટે ભારત અને ભારત બહારની કાયદાનો અમલ કરાવનારી એજન્સીઓ વચ્ચે સીબીઆઈ કડીરુપ બને છે.સીબીઆઈ જે તે એજન્સીઓને માહીતી આપવા તેમજ માહિતી પુરી પાડવામાં સરળતા કરી આપવાનુ કામ કરે છે.ભારત અને અન્ય દેશો વચ્ચે પરસ્પર કાનુની સહાય અંગેની સંધિઓ, મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ, ટ્રીટીઝ(એમએલટી) અને પ્રત્યાર્પણ સંધિઓ, એકસ્ટ્રાડીશન ટ્રીટીઝમાં વાટાઘાટો અને આખરી નિર્ણય કરવામાં આવે છે તેમાં પણ સીબીઆઈની ભુમિકા હોય છે.ભારતમાં અને ભારતે બહાર ગુનાની તપાસ માટેના વિનંતી પત્રની બજવણી માટે સીબીઆઈ કાર્યરત રહી અનુકુળતા કરી આપે છે.

લેખક : મધુકર દિ ધ્રુવ,(નિવૃત ન્યાયાધીશ , સૌ.સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪






## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


# અખિલ ભારતીય પત્રકાર મહાસભાએ જાણીતા પત્રકારોનું સન્માન કર્યું

અખિલ ભારતીય પત્રકાર મહાસભાએ તા.૭મી જુનના રોજ યોજાયેલ એક ભવ્ય સમારોહમાં ગુજરાતના જાણીતા પત્રકાર મહાનુભાવોનું બહુમાન કર્યું હતું. તેઓને શાલ ઓઢાડી તેમજ મોમેન્ટો અર્પણ કરીને રબારી કોલોની ખાતે યોજાયેલ સમારોહમાં બહુમાન કર્યું હતું.આ પ્રસંગે નવક્રાન્તિ સાપ્તાહિકના તંત્રીશ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ નવક્રાન્તિ સાથે કારકીર્દીની શરુઆત કરનાર ફોટો જર્નાલીસ્ટ શ્રી રાજુભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.અન્ય પત્રકાર મિત્રોનું સન્માન કર્યું તે પ્રસંગે દક્ષ પ્રજાપતિ સમાજ દ્વારા અન્ય સામાજિક મહાનુભાવોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના ધારાસભ્યશ્રી જગરુપસિંહ રાજપુત,ભુતપુર્વ કોગ્રીસી ધારાસભ્ય ,મંત્રી અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલ શ્રી સુરેન્દ્ર રાજપુત,શ્રી ગોરધનભાઈ ઝડપીયા, અમદાવાદના ઉપમેયરશ્રી, માલધારી સમાજના પ્રમુખ તેમજઅન્ય મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.શ્રી જ્ઞાનેન્દ્ર વિશ્વકર્મા, અખિલ ભારતીય મહાસભાના અધ્યક્ષ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સહુ મહેમાનો અને અતિથીઓને માટે ભોજન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જેમનુ બહુમાન કરાયું તેવા જ્યોતિષ મુકેશકુમારે એક આગાહી કરી હતી કે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દેશમાં ત્રણ ટર્મ પુરી કરશે.પ્રજાપતિ સમાજમાં તેમના કાર્યની પ્રશંસા રુપે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું..હાલમાં દેશમાં પ્રવર્તતી સમસ્યાઓમાં વડાપ્રધાન યોગ્ય દોરવણી આપીને તેમનામાં મુકેલ વિશ્વાસ પુરો કરે તો દેશની પ્રજાને એનાથી વધારે શું જોઈએ. આ સમારોહમાં તાજેતરમાં નરેન્દ્રભાઈ મોદીમાં આસ્થા રાખીને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થનારા નેતાઓ હાજર રહ્યા હતા. તેમજ શ્રી મોદીના નેતૃત્વમાં દેશ સારી પ્રગતિ કરી શકશે તેવું તેઓના પ્રાસંગિક પ્રવચનોમાં જણાવ્યું હતું.જો કે આ પ્રસંગે સુંદરકાંડનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ




## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.